<u>ક્રિ.કે.નં.૨૭૧/૨૦૨૬</u>

## <u>આંક–૧ લગત હુકમ</u> :–

સદરકામના આરોપી સામે પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનુ ચાર્જશીટ આ કામે રજુ કરવામા આવેલ છે.ત્યારબાદ આરોપીને સમન્સ કરતા આરોપીઓ આજરોજ હાજર થયેલ છે. આરોપીને ગુન્હા બાબતે પોતાની મરજી અને સ્વેચ્છાએ સદરહુ ગુનો કબુલ કરવાનુ જણાવે છે તેની વિગતો વંચાણે લેતા,આરોપી સ્વેચ્છીક કબુલાત કરતા હોવાનુ ફલિત થાય છે. આરોપી સામેનુ ચાર્જશીટ જોતા આરોપીનો કોઈ ગુનાહિત ઈતીહાસ હોવાનુ ફલિત થતુ નથી કે કેસના સંજોગો આરોપીની કેફીયત અને તેની કૌટુબિંક જવાબદારીને ધ્યાને લેતા, તથા તે સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોય, તે તમામ હકીકતને ધ્યાને લેતાં અને આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામાં જણાવવામા આવેલ ગુનાની સજાની જોગવાઈને ધ્યાને લેતા ન્યુનતમ સજા બાબતની જોગવાઈઓ કરવામા આવેલ છે. પરંતુ તે તમામ હકીકતને સાથે સાથે આરોપીની વર્તણૂક અને તેની સામે અન્ય કોઈ ગુનો નોંધાયેલ હોય, તેવુ હાલ કોઈ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય.–તે તમામ હકીકત અને આરોપીની આર્થિક તેમજ કૌટુંબિક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતા, તેમજ નામદાર વડી અદાલતના નટવર હરચંદ વિ. સ્ટેટના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતા કોર્ટ કેસના સંજોગો અને આરોપીની સ્થિતિને ધ્યાને લઈ, ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકવાને સક્ષમ છે તેવા નામદાર વડી અદાલતના અવલોકને ધ્યાને લેતા અને હાથ પરના કે સંજોગોને જોતા, આ કેસમા લાગુ પાડી શકાય તેમ હોવાનુ આ કોર્ટનુ માનવુ હોય, આરોપીને કાયદામા ફરમાવેલ ન્યુનતમ સજાને બદલે ઓછી સજા કરવામા આવે તો, યોગ્ય અને ન્યાયોચિત જણાશે તેવુ આ કોર્ટનુ માનવુ હોય, ન્યાયનાંહિતમા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## :: <u>હુકમ</u> ::

આ કામના આરોપીને ઉપરોકત ગુના સબબ બી.એન.એસ.એસ. કલમ–૨૬૪ અનવયે તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.100/–(અંકે રૂપિયા સૌ પુરા) દંડ ભરપાઈ કરવાનો હુકમ ફરમાવુ છુ. જો આરોપી દંડની રકમ ભરવામા ઈન્કાર કરે તો વધુ દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

હુકમ આજરોજ વાંચી,સંભળાવીને જાહેર કર્યો.

**તા.૦૭/૦૫/૨૦૨૬**
**હાંસોટ.**

**(એફ.આર.કોઠારીયા)**
**જ્યુડી. મેજી. ફર્સ્ટ. કલાસ. હાંસોટ.**